# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી નિયમસાર ગાથા ૫૦ તથા કળશ ૭૪
# દેવલાલી, મહારાષ્ટ્ર
# તા. ??-૧૧-૧૯૮૭, પ્રવચન LA 337

Version 1

શ્રી નિયમસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો શુદ્ધભાવ અધિકાર અથવા શુદ્ધ આત્માનો અધિકાર, ગાથા ૫૦ ચાલે છે. એમાં હેયતત્ત્વ શું છે અને ઉપાદેયતત્ત્વ શું છે? એની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ભેદજ્ઞાનની ગાથા છે.

જેમ ૩૮મી ગાથામાં, અધિકાર શરૂ કરતાં, સાત તત્ત્વોના સમૂહને બહિર્તત્ત્વ કહીને પરદ્રવ્ય કહ્યું અને અંત:તત્ત્વ શુદ્ધાત્માને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યું. એમ અહીંયાં ૫૦ ગાથામાં ચાર વિભાવભાવો જે પ્રગટ થાય છે તે પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, આત્માથી ભિન્ન છે તેથી તે ઉપાદેય નથી, હેય છે. અને એ ચાર ભાવોથી રહિત શુદ્ધાત્મા એક જ ઉપાદેય છે. એમ હેય અને ઉપાદેયના સ્વરૂપનું કથન આમાં કરવામાં આવ્યું, એમાં આ ગાથાનો પૂર્વાર્ધ થયો.

હવે ઉતરાર્ધ થોડો હજી બાકી છે. પૂર્વાર્ધમાં એમ કહ્યું કે જે કોઇ વિભાવગુણ પર્યાયો છે, તેઓ પૂર્વે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતાં. એટલે વિભાવ પર્યાયો છે - ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ આદિ ભાવો છે ખરા. અને તે છે માટે જાણવા યોગ્ય છે અને જાણવાની અપેક્ષાએ ઉપાદેય છે એવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. **પરંતુ,** એમ.

**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે** એટલે અંતર્મુખ દ્રષ્ટિથી સામાન્ય સ્વભાવનું અવલોકન કરતાં **તેઓ હેય છે**. એટલે કે તેનું લક્ષ થતું નથી. તેનો આશ્રય થતો નથી. અને અભેદમાં ભેદ જણાતો પણ નથી.

એ **શા કારણથી** હેય છે? તેનું કારણ આપે છે. **કારણ કે તેઓ** એટલે કે બધા વિભાવગુણપર્યાયો **પરસ્વભાવો છે**. પરસ્વભાવો એટલા માટે કહ્યું કે જે શુદ્ધાત્માનું લક્ષણ પરમપારિણામિક ભાવ છે એવું લક્ષણ એ કોઈ પણ ચાર ભાવોમાં નથી.

કોઈનું લક્ષણ ઉદયભાવ, કોઈનું ઉપશમ, કોઈનું ક્ષયોપશમ, કોઈનું ક્ષાયિક, એ પર્યાયો છે. એનાથી રહિત દ્રવ્ય સ્વભાવ છે એનું લક્ષણ પરમપારિણામિક ભાવ છે. ચાર ભાવો કર્મ સાપેક્ષ છે અને ભગવાન આત્મા કર્મથી નિરપેક્ષ છે. ચાર ભાવો અનિત્ય અને અધ્રુવ છે અને ભગવાન આત્મા નિત્ય અને ધ્રુવ છે. તેથી તે શુદ્ધાત્મા ઉપાદેય છે. કોઇપણ પર્યાય ઉપાદેય નથી.

શા કારણે તેઓ ઉપાદેય નથી? શા માટે છે? **કારણ કે તેઓ પરસ્વભાવો છે**. પરભાવો છે. આત્માના સ્વભાવ ભાવથી વિરુદ્ધ ભાવને પરભાવ કહેવામાં આવે છે. આત્મા નિત્ય શુદ્ધ છે અને આ પરિણામ એ અનિત્ય અને શુદ્ધાશુદ્ધ છે. માટે હેય છે. અને પરસ્વભાવો છે. અને પરસ્વભાવો હોવાને કારણે **તેથી જ** તેઓ **પરદ્રવ્ય છે**. અને પરદ્રવ્ય છે માટે હેય છે.

હેયનું કારણ આપ્યું. પરસ્વભાવ છે, પરસ્વભાવ હોવાથી તે પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય

ઉપાદેય નથી. એટલે પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ કરવા યોગ્ય નથી. પરદ્રવ્યમાં આત્મા નથી. આત્મા આત્મામાં છે અને પરિણામ પરિણામમાં છે. પરિણામમાં આત્મા નથી અને આત્મામાં પરિણામ નથી માટે તે પરદ્રવ્ય છે, માટે તે હેય છે.

હવે, હેયની વાત તો કરી, ત્યારે એની સામે ઉપાદેય તત્ત્વ શું છે? - એ કહેવું જોઈએ. મૂળમાં પહેલાં હેયની વાત કરી છે. અન્વયાર્થમાં - **પૂર્વોકત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે**. હેયનું કારણ આપ્યુંતું એમણે - **પરસ્વભાવો છે**, **પરદ્રવ્ય છે, તેથી** તે **હેય છે** એમ કારણ આપ્યું. એટલી દોઢ લીટીની ટીકા થઈ.

હવે ઉપાદેય જે મૂળમાં છે. **અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય-આત્મા**, સ્વદ્રવ્ય એટલે આત્મા . એક પરદ્રવ્ય અને એક સ્વદ્રવ્ય. પરદ્રવ્યના ભેદો - સંખ્યાત, અસંખ્યાત અને અનંત - ભેદો છે પરદ્રવ્યના. અને સ્વદ્રવ્ય અભેદ એક છે. સ્વદ્રવ્યમાં અનેકપણું નથી. શુદ્ધાત્મા એક જ છે. શુદ્ધાત્મામાં બે પ્રકાર નથી. પરદ્રવ્ય તો અનંતા છે. પરિણામ માત્ર અનંત પર્યાય. અનંતગુણની અનંત પર્યાય, પરદ્રવ્ય. કર્મ રજકણ અનંત પરદ્રવ્ય. પુદ્ગલ-પરમાણુ અનંતાઅનંત પુદ્ગલ એ પરદ્રવ્ય. અનંતા બીજા જીવો એ પરદ્રવ્ય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ બધા પરદ્રવ્ય છે. ત્યારે સ્વદ્રવ્ય શું છે?

કે અંતઃતત્ત્વ અંદરમાં રહેલું, ઓલું બહિર્તત્ત્વ ને આ અંતઃતત્ત્વ. **એવું સ્વદ્રવ્ય**, સ્વદ્રવ્યનો અર્થ કર્યો **આત્મા**. સ્વદ્રવ્ય એટલે શું? કે આત્મા. **ઉપાદેય છે**. એટલી જે છેલ્લી લીટી છે એની ટીકા હવે આવે છે.

**અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય** એટલે કે **આત્મા ઉપાદેય છે** એનો વિસ્તાર આવે છે. **સર્વ વિભાવ ગુણ પર્યાયોથી રહિત**. અહીંથી શરૂઆત કરી. શુદ્ધ આત્મા જે છે એ પરિણામમાત્રથી ભિન્ન, પરિણામમાત્રથી રહિત છે. શુદ્ધ આત્મા ભિન્ન છે અને પરિણામ ભિન્ન છે. પરિણામમાં આત્મા નથી અને આત્મામાં પરિણામ નથી.

કહે છે **સર્વ** શબ્દ વાપર્યો. **વિભાવગુણપર્યાયો** વિશેષ ગુણના જે પર્યાયો પ્રગટ થાય છે, એ પ્રગટ થાય છે, એ પ્રગટ થાય છે તે પ્રગટથી ભિન્ન છે. પ્રગટ છે તે દ્રવ્ય છે. અને પ્રગટ થાય છે તે એના પરિણામ પ્રગટ થાય છે. પ્રગટ છે એનાથી જે પ્રગટ થાય છે એ ભિન્ન છે.

સોનું પ્રગટ છે અને સોનાના પરિણામો - ઘાટ પ્રગટ થાય છે, તે સોનાથી ભિન્ન છે, સોનું નથી. કહેવામાં સોનું આવે, એ કથનમાત્ર છે, એ સોનું નથી. સોનું તો જે પ્રગટ છે, છે-છે-છે-છે અનાદિ અનંત સોનું એને સ્વ કહેવાય. અને આ (પર્યાયો)તો પ્રગટ થઈને નાશ થાય, પ્રગટ થઈને નાશ થાય એમ.

**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત**. જે પ્રગટ થાય છે પર્યાયો, એનાથી ભગવાન આત્મા જે ઉપાદેય તત્ત્વ કહેવું છે તે રહિત છે. પરિણામમાત્રથી આત્મા ભિન્ન-રહિત છે, વ્યતિરિક્ત છે. એવો જે **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ** અંતઃતત્ત્વની વ્યાખ્યા કરે છે. ઓલામાં કહ્યું અંતઃતત્ત્વ. એ અંતઃતત્ત્વની વ્યાખ્યા કરતાં કહ્યું કે જે બહિર્તત્ત્વ છે એનાથી રહિત હોવાથી અંતઃતત્ત્વ છે. વિભાવગુણપર્યાયો બહિર્તત્ત્વ છે અને એ, એનાથી જે રહિત હોય તે અંતઃતત્ત્વ છે. એનાથી રહિત ત્રણેકાળ છે.

બંધમોક્ષના પરિણામથી રહિત, નવતત્ત્વથી રહિત, પ્રમત-અપ્રમતથી રહિત, સુખદુ:ખના પરિણામથી રહિત, રાગથી રહિત, ઇન્દ્રિયજ્ઞાનથી રહિત, શ્રુતજ્ઞાનથી રહિત, કેવળજ્ઞાનથી રહિત, મોક્ષથી રહિત, આહાહા! એવો જે **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત** અનાદિ અનંત રહિત છે. એક સમય પણ સહિત ન થાય.

(જો) એક સમય પર્યાયથી સહિત દ્રવ્ય થાય તો બીજા સમયે દ્રવ્યનો નાશ થઈ જાય. રહિત જ છે અને રહિત રહેવાનો છે, અનાદિ અનંત. નિગોદમાં પણ પરિણામથી રહિત રહ્યો છે અને સિધ્ધ ભગવાનની પર્યાય જે પ્રગટ થઇ એનાથી પણ આત્મા રહિત રહ્યો છે અને અનંતકાળ રહિત રહેવાનો છે. સિધ્ધ પર્યાયથી આત્મા ત્રણેકાળ રહિત રહેશે.

જે પર્યાયથી રહિત રહે તે ઉપાદેય છે. આહાહા! પર્યાય માત્ર હેય છે. **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત** આહાહા! આ સહિતનું શલ્ય એ સંસાર અને રહિતનું જ્ઞાન એ મોક્ષનો માર્ગ.

**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત**, **શુધ્ધ-અંત:તત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે**. લ્યો, આ સ્વદ્રવ્યની વ્યાખ્યા કરી. અંત:તત્ત્વ એવું સ્વદ્રવ્ય. સ્વદ્રવ્ય કોને કહેવાય? કે પરિણામ માત્રથી રહિત એને શુધ્ધાત્મા સ્વદ્રવ્ય, નિજદ્રવ્ય કહેવામાં આવે છે. **શુધ્ધ અંત:તત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે**. સ્વદ્રવ્ય ઉપાદેય છે એટલે આત્મા ઉપાદેય છે. આત્મા કેવો છે? પરિણામ માત્રથી ભિન્ન છે.

પરિણામ માત્રથી રહિત છે. તેથી આત્મા પરિણામનો કર્તા-ભોક્તા નથી. પરિણામનો કર્તા-ભોક્તા કેમ નથી કે એ પરિણામ પોતે પરદ્રવ્ય છે. જેમ આ (ક્લિપ) પદાર્થનો કર્તા-ભોક્તા આત્મા નથી એમ અધ્યાત્મની પરાકાષ્ઠામાં ઉત્પન્ન થતા જે પરિણામો તેનો આત્મા કર્તા-ભોક્તા નથી. કેમકે આત્મા એ પરિણામથી ભિન્ન છે અને પરિણામ આત્માથી ભિન્ન છે, એટલે બે વચ્ચે કર્તાકર્મ સબંધનો અભાવ છે. આહાહા! અને જ્યાં એ વ્યાપ્યવ્યાપક, કર્તાકર્મ કહ્યું હોય ત્યાં વ્યવહાર સમજવું જોઈએ. અને દ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે એ વ્યવહાર પણ અભૂતાર્થ અને અસત્યાર્થ છે એમ જાણવું.

સ્વદ્રવ્ય ઉપાદેય છે. **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત, શુધ્ધ અંત:તત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે**. હવે જો સ્વદ્રવ્ય ઉપાદેય છે તો એ સ્વદ્રવ્યમાં શું છે? ઓમાં વિભાવરૂપ પર્યાયો હતા ચારમાં તો સ્વદ્રવ્યમાં કાંઈક હોય ને? કંઈ ખાલી નથી. પર્યાયથી રહિત છે, તો શેનાથી સહિત છે?

એકત્વવિભક્તની વાત કરે છે. અનંત ગુણથી એકપણું છે અને અનંત પર્યાયોથી વિભક્ત નામ ભિન્નપણું છે આત્માનું. આ ભેદજ્ઞાનની પરાકાષ્ઠા ચાલે છે. પરાકાષ્ઠામાં એક સ્વદ્રવ્ય અને બીજું બધું પરદ્રવ્ય. આહાહા! એક શુધ્ધાત્મા સ્વદ્રવ્ય બાકી મારાથી છ દ્રવ્ય ભિન્ન પરદ્રવ્ય, મારાથી ભિન્ન પંચપરમેષ્ઠી પરદ્રવ્ય, ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન પરદ્રવ્ય, આઠ કર્મ પરદ્રવ્ય, શરીર પરદ્રવ્ય. આહાહા! સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામના ભેદો પણ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય નથી. આહાહા!

હવે એ **સ્વદ્રવ્ય ઉપાદેય છે** એની વ્યાખ્યા કરે છે. હેયની વ્યાખ્યા આવી ગઈ. હવે

ઉપાદેયની વ્યાખ્યા કરે છે. ઉપાદેય તત્ત્વ એટલે શું? **ખરેખર સહજજ્ઞાન** એટલે સહજ ગુણ, જ્ઞાન નામનો આત્મામાં એક ત્રિકાળી ગુણ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું.

હવે જુઓ, આત્માનો સ્વભાવ શું છે? કે જ્ઞાન. જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્મા ગુણી છે અને જ્ઞાન એનો ગુણ છે. સોનું છે તે ગુણી છે અને ચીકાશ, પીળાશ એના ગુણ છે અને એ ઘાટથી રહિત છે. આહાહા! ગુણની પર્યાય, ગુણની પર્યાય, એ ગુણની પર્યાય, પર્યાયથી ગુણ રહિત. જેની પર્યાય છે એ પર્યાયથી ગુણ રહિત છે. એટલે કે એ ગુણની પર્યાય જ નથી, એ પરદ્રવ્ય છે. આહાહા! હવે પર્યાયને ભૂલી જા તું. કે દ્રવ્યની પર્યાય અને ગુણની પર્યાય અને અર્થ પર્યાય, વ્યંજન પર્યાય - એ થોડીકવાર ભૂલી જા એ પરદ્રવ્ય છે. આહાહા! પર્યાય જાણીશ તો એમાં મમતા રહેશે. પર્યાય જાણીશ તો એમાં કર્તા ભોકતાની ભ્રાંતિ રહી જશે. અને પરદ્રવ્ય કહેતાં ભ્રાંતિ બધી તૂટી જશે.

ઉપાદેય તત્ત્વ કેવું છે? ખરેખર આત્મા ઉપાદેય છે. ઉપાદેય એટલે આશ્રય કરવા યોગ્ય, અહંમ કરવા યોગ્ય. આહાહા! આત્માની સાથે સ્વસ્વામી સબંધ જોડવા યોગ્ય. તે ખરેખર સહજ જ્ઞાન એટલે જ્ઞાન નામનો ગુણ - એનું પરમપારિણામિક લક્ષણ નિત્ય, નિરાવરણ અને પરિપૂર્ણ. જ્ઞાનગુણ, પરમપારિણામિક લક્ષણવાળો ગુણ, પરિપૂર્ણ અને નિત્ય નિરાલંબ એવો જ્ઞાન નામનો આત્મામાં ગુણ છે. આત્મામાં પર્યાય નથી. ગુણ છે અને ગુણની પર્યાય નથી. આત્મામાં જ્ઞાન ગુણ તો છે. પણ જ્ઞાનગુણની પાંચ ક્રમે પર્યાય થાય છે તે આત્મામાં નથી. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન એ પાંચ પ્રકારની સમ્યકજ્ઞાનની પર્યાય એ જ્ઞાનગુણમાં નથી. ગુણની પર્યાયો ગુણમાં નથી.

મુમુક્ષુઃ- ગુણની પર્યાય કહેવી અને ગુણમાં નથી?

ઉત્તરઃ- ગુણની પર્યાય કહેવી અને ગુણમાં નથી. ગુણમાં નથી માટે તે ગુણ નથી પણ તે પરદ્રવ્ય છે. આહાહા! સહજજ્ઞાન આત્મામાં એ ત્રિકાળી ગુણ છે.

બીજું દર્શનગુણ આત્મામાં છે. દર્શનગુણ આત્મામાં છે પણ એ અપરિણામી છે. પરિણમતો નથી. પરિણમે તો ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિ અને કેવળ દર્શન ઉપયોગ દેખાય. અને એ તો અનાદિ અનંત અપરિણામી કૂટસ્થ અને નિષ્ક્રિય છે. આહાહા!

પરિણામથી હવે ગુણને ન જો. દ્રવ્યને પરિણામીથી ન જો. પરિણામથી ન જો અને પરિણામીથી એમ ન જો. અપરિણામી જો. અને ગુણને પણ પરિણામ હો એમ ન જો. ગુણ પરિણમે છે એમ ન જો. ગુણ છે એમ જો. આહાહા! અદ્દભૂત છે વાત! ૫૦મી ગાથા એટલે ટોચ. આહાહા!

અહીંયાં શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ અધિકારનું પૂરું થાય છે ૫૦ ગાથામાં. ૩૮થી શરૂ થઈ અને ૫૦માં નિશ્ચયનયનો વિષય પૂરો થાય પછી ૫૧થી વ્યવહારનયની વાત બતાવશે.

**'સહજ જ્ઞાન'** એ આત્માનો એક ત્રિકાળી સામાન્ય ગુણ, નિત્ય નિરાવરણ, પરિપૂર્ણ શુદ્ધ છે. આહાહા! એ જ્ઞાનગુણ પરિણમતો નથી. આહાહા! જ્ઞાનગુણ કૂટસ્થ છે. જ્ઞાનગુણ નિષ્ક્રિય છે. ગુણને પરિણામ ન હોય. પરિણામ કહેતાં ગુણ નજરમાં નહીં આવે, પર્યાય નજરમાં આવશે. ગુણને જોવો હોય તો ગુણની પર્યાયને ન જો તો ગુણ જણાશે. ગુણની પર્યાયને જોઈશ તો ગુણ નહીં

જણાય. અને ગુણ નહીં જણાય તો ગુણી પણ નહીં જણાય. આહાહા! સહજ જ્ઞાન, સહજ દર્શન ગુણ છે.

સહજ ચારિત્ર એ આત્માનો એક ત્રિકાળી ગુણ છે. આહાહા! એ ચારિત્ર નામનો ગુણ એ યથાખ્યાત ચારિત્ર રૂપે એના પરિણામ થતા નથી. એ પરિણામ, પરિણામથી થાય છે ગુણથી નહીં. એ ચારિત્ર ગુણની પર્યાયને ચારિત્ર ગુણનો આધાર નથી. જ્ઞાન ગુણના પર્યાયને એ ગુણનો આધાર નથી તેથી ગુણી એવા દ્રવ્યના આધારે પર્યાય થતી નથી.

દર્શનગુણ, એને કેવળદર્શન ઉપયોગ, એનો આધાર ગુણ નથી ને ગુણી પણ નથી. આધાર આધેય સબંધનો અભાવ છે. પર્યાયનો આધાર પર્યાય છે પણ પર્યાયનો આધાર ગુણ પણ નથી અને પર્યાયનો આધાર ગુણી પણ નથી. કેમકે વ્યતિરિક્ત નામ ભિન્ન છે. એકદમ પરાકાષ્ઠા ભેદજ્ઞાનની સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી છે.

ચારિત્ર નામનો ગુણ ત્રિકાળ, નિત્ય શુદ્ધ, નિત્ય નિરાવરણ. એ ગુણને ચારિત્ર મોહની સાથે સબંધ થયો નથી અને કોઈ કાળે થવાનો નથી. ચારિત્ર ગુણને પર્યાય ન હોય. ગુણને પર્યાય જોશો તો ગુણ નજરમાં નહીં આવે. અને ગુણને ભેદથી જોશો તો ગુણી નજરમાં નહીં આવે. પર્યાયને જોશો, ચારિત્ર ગુણની પર્યાય, સ્વરૂપાચરણ ચારિત્રની (જોશો), તો ગુણ હાથમાં નહીં આવે. અને ગુણને જોશો તો ગુણી હાથમાં નહીં આવે. ભગવાન અભેદ આત્મામાં પર્યાય પણ નથી અને ગુણભેદ હોવા છતાં પણ દેખાતો નથી. અભેદમાં ભેદ દેખાતો નથી.

મુમુક્ષુ: ગુણભેદ?

ઉત્તર: ગુણભેદ દેખાતો નથી. ગુણો છે, પર્યાય નથી. અને ગુણો છે પણ ગુણભેદ નથી. ફરીને. પર્યાયો તો છે જ નહીં દ્રવ્યમાં, એ તો વ્યતિરિક્ત છે પણ સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ છે. ગુણો છે પણ ગુણભેદ દેખાતો નથી. પર્યાય દેખાય તો તો પરદ્રવ્યના દર્શન થયા અને ગુણભેદ દેખાય તો પણ પરદ્રવ્ય છે તે. ગુણીમાં ગુણનો ભેદ કરવો તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ક્યાં કહ્યું છે? ૨૫૨ (કળશ)માં કહ્યું છે. આહાહા! એકદમ ગાથા ટોપ મોસ્ટ (top most) છે. આહાહા! તમામ પ્રકારના વ્યવહારનો પક્ષ છૂટી જાય, અભેદ નિશ્ચયનો પક્ષ આવી જાય અને પક્ષાંતિક્રાંત થઈને અનુભવ થાય એવી ગાથા છે આ.

કહે છે કે ચારિત્ર ગુણ. પછી આગળ, **સહજ પરમવીતરાગી-સુખાત્મક,** આત્મામાં સુખ નામનો ગુણ છે. એની પર્યાય નથી એટલે દુ:ખ નથી આત્મામાં. અને અનાકુળ સુખ પણ આત્મામાં નથી, કેમકે સુખ ગુણની પર્યાય નથી. સુખગુણની પર્યાય જોવા જાશો તો સુખગુણ ખ્યાલમાં નહીં આવે. એ પરદ્રવ્ય ખ્યાલમાં આવશે. સુખગુણની પર્યાય જોતાં એ પરદ્રવ્ય છે પર્યાય. પર્યાય ઉપર - પરદ્રવ્ય ઉપર લક્ષ કરતાં વિકલ્પ ઉત્પન્ન થશે. નિર્વિકલ્પ અનુભવ નહીં થાય. અને સુખ નામના ગુણભેદ ઉપર નજર હશે તો પણ એ પરદ્રવ્ય ઉપર લક્ષ છે એ સ્વદ્રવ્ય ઉપર લક્ષ નથી. આહાહા!

**શુદ્ધઅંત:તત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો** એટલે ગુણોનો આધાર આહાહા! ગુણોનો આધાર ગુણી છે પણ પર્યાયનો આધાર દ્રવ્ય નથી. આધાર-આધેય ગુણ અને ગુણી વચ્ચે એટલો વ્યવહાર છે, ભેદરૂપ. પણ પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય વચ્ચે વ્યવહારથી પણ આધાર-આધેય સબંધ નથી. અને

ગુણ અને ગુણીને તો વ્યવહારે આધાર-આધેય સબંધ છે. સૂક્ષ્મ વાત છે. કહે છે હવે આધારની વાત કરે છે. કે જે ગુણો કહ્યા એ કોને આધારે છે? કે કારણસમયસાર એવો ગુણી પરમાત્માને આધારે છે. તો પર્યાય કોના આધારે છે? કે પર્યાય, પર્યાયને આધારે છે. પર્યાયને દ્રવ્યનો આધાર નથી. નિષેધ કરી નાખ્યો. ગુણોને દ્રવ્યનો આધાર છે. એમાં પર્યાયને ગુણોનો કે દ્રવ્યનો આધાર નથી. કેમ નથી? કે પરદ્રવ્ય છે. આહાહા! અને ગુણો તો વ્યવહારે સ્વદ્રવ્ય છે.

ફરીને, પર્યાયો તો વ્યવહારે સ્વદ્રવ્ય નથી. અને જ્ઞાન, દર્શન, ગુણો છે તે વ્યવહારે સ્વદ્રવ્ય છે પણ નિશ્ચયે તે સ્વદ્રવ્ય નથી. આહાહા! એ વ્યવહાર કેમ કહ્યો? કે ગુણો ગુણીને આધારે છે. પણ પર્યાયો તો દ્રવ્યને આધારે નથી. દ્રવ્યને આધારે થતી જ નથી. આધાર-આધેય સબંધનો અભાવ છે. આહાહા! પરમ સત્ય છે. પર્યાયદ્રષ્ટિ છૂટી જાય. આ પરિણામ મારા ને હું પરિણામને હું કરું ને સમ્યગ્દર્શન પ્રગટ કરું ને ધ્યાન કરવા બેસી જાઉં ને ધ્યાન પ્રગટ કરું આહાહા! એ પરદ્રવ્યનું ધ્યાન તું કરી રહ્યો છો. આહાહા! પરદ્રવ્યથી સ્વદ્રવ્યનું ધ્યાન નહીં થાય.

**આ સ્વદ્રવ્ય** એટલે સ્વગુણો**નો આધાર**, ગુણોને ગુણીનો આધાર છે. સોનું છે સોનું એ દ્રવ્ય કહેવાય. અને એમાં ચીકાશ, ભારેપણું એના ગુણો છે. એ ગુણો છે, એ સોનાને આધારે છે, પણ જે ઘાટ થાય છે તે સોનાને આધારે નથી. એને આધાર-આધેય સબંધનો અભાવ છે. તેથી કર્તાકર્મ સબંધનો અભાવ છે. તેથી પરિણામનો આધાર પરિણામ છે.

પરિણામ દ્રવ્યને આધારે થતા નથી. દ્રવ્યને પરિણામ અડતા નથી. દ્રવ્યને પરિણામ સ્પર્શતા નથી. કેમકે પરદ્રવ્ય છે. પરિણામ જો કહેશો તો કથંચિત્ આવશે પણ પરદ્રવ્ય કહેશો તો થઈ ગયું, દ્રષ્ટિનો વિષય ચોખ્ખો હાથમાં આવશે. દ્રષ્ટિના વિષય વિના નિર્વિકલ્પ આત્માનો અનુભવ, કોઈ કાળે, કદીપણ કોઈ જીવને થઈ શકતો નથી. માટે પિસ્તાલીસ વર્ષ (સુધી) જે દ્રષ્ટિનો વિષય ઘૂંટયો છે એ યથાર્થ છે. આહાહા!

ગુણો છે એને તો દ્રવ્યનો આધાર છે પણ પર્યાયને કોનો આધાર? કે પર્યાય સત્ અહેતુક હોવાથી એને કોઇની સાથે આધાર-આધેય સબંધ નથી. કેમકે અનિત્યને, અનિત્યને નિત્યનો આધાર ન હોય. નિત્ય, અનિત્યને આધાર ન આપે. નિત્ય અને અનિત્ય બન્ને સત્ જુદા જુદા છે માટે પર્યાય પર્યાયને આધારે થાય છે, મારે આધારે પર્યાય થતી નથી. (મારે ને પર્યાયને) આધાર-આધેય સબંધ નથી માટે કર્તા સબંધ નથી, ભોક્તા સબંધ પણ નથી. આહાહા! અને પરદ્રવ્ય ને સ્વદ્રવ્યને જ્ઞાતા-જ્ઞેય કહેવું તે વ્યવહાર છે. અને સ્વદ્રવ્ય તે સ્વ અને સ્વદ્રવ્યનો સ્વામી તે હું એ નિશ્ચય છે. અને સ્વદ્રવ્ય જણાય છે. સ્વદ્રવ્ય જાણે છે. સ્વદ્રવ્ય જાણે અને સ્વદ્રવ્ય જણાય. પર્યાય જણાતી નથી. કેમકે પર્યાય પરદ્રવ્ય છે. આહાહા! સ્વદ્રવ્ય ઉપર લક્ષ જતાં પરદ્રવ્ય ઉપરથી લક્ષ છૂટી જાય છે. પરદ્રવ્ય એટલે પર્યાય. ઓહોહો! શું માલ ભર્યો છે આમાં. હે ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો**.
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો**.

(૨૦, અપૂર્વ અવસર, શ્રીમદ રાજચંદ્ર)

એવો ભાવો આમાં ભંડાર ભર્યો છે બાપુ. આહાહા! ગણધર ભગવાન કહે છે, કેવળી પરમાત્માને, અરે! ક્યાં કેવળજ્ઞાન તારું અને ક્યાં અમારું અલ્પ સમુદ્રમાં બિંદુ જ્ઞાન. આહાહા! તુંકારે, તુંકારે બોલાવે ગણધર ભગવાનને, આહાહા! ક્યાં તારું કેવળજ્ઞાન, તમારું નહીં! ક્યાં તારું કેવળજ્ઞાન અને ક્યાં અમારું અલ્પજ્ઞાન. આહાહા! એ ભક્તિની મસ્તીમાં હોય. એ ભક્તિની મસ્તીમાં ભગવાનને પણ તુંકારે તુંકારે ભકતો બોલાવે. હે પ્રભુ! ક્યાં તારું જ્ઞાન! અને ક્યાં અમારું અલ્પ જ્ઞાન! તું તો સમુદ્ર છો અને સમુદ્રમાં મારું તો બિંદુમાત્ર, ક્ષયોપશમજ્ઞાન છે. છદ્મસ્થનું ક્ષયોપશમ જ્ઞાન હોય અને કેવળીનું કેવળજ્ઞાન હોય. કેવળજ્ઞાન જુદું આહાહા! પરિપૂર્ણ અને આ તો અલ્પ. કહે છે કે ભાવો તારામાં બ્રહ્માંડના ભર્યા છે.

પર્યાયને દ્રવ્યનો આધાર નથી. તો ગુણોને કોનો આધાર છે? કે સ્વદ્રવ્યનો આધાર છે. જ્યારે પર્યાયથી વ્યતિરિક્ત નામ રહિત કહ્યો આત્માને તો પછી આત્મા શૂન્ય છે, ખાલી છે કે કાંઈક એમાં છે? કે માલ ભર્યો છે. આહાહા! માલામાલ છે અંદર. આહાહા! અનંતગુણનો પિંડ ભગવાન આત્મા. એક એક ગુણ પરિપૂર્ણ સામર્થ્યથી ભરેલો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પ્રભુત્વ, વિભુત્વ શક્તિ આહાહા! એવો એક એક ગુણ, એવા ગુણો એ ગુણોને પરમપારિણામિક જેનું લક્ષણ એવો કારણ સમયસાર આધાર છે. આધાર-આધેયનો ભેદ તેને વ્યવહાર કહેવામાં આવે છે. અને દ્રવ્ય અને પર્યાયનો ભેદ કહેવો તેને સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા! કેમકે પરિણામ પોતે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય, સ્વદ્રવ્યને આધારે ન હોય અને સ્વદ્રવ્ય, પરદ્રવ્યને આધારે ન હોય. આત્મા પરિણામને આધારે નથી. અને પરિણામ આત્માને આધારે નથી. આધાર-આધેય સબંધનો પરિણામની સાથે અભાવ છે. અને જ્યાં શાસ્ત્રમાં આધાર-આધેય કહ્યું હોય ત્યાં સમજી લેવું કે એ વ્યવહાર નયનું કથન છે. એટલે શ્રદ્ધા અપેક્ષાએ તે અભૂતાર્થ છે એમ જાણજે. જ્ઞાન અપેક્ષાએ ભૂતાર્થ અને શ્રદ્ધા અપેક્ષાએ અભૂતાર્થ, વ્યવહારે ભૂતાર્થ અને નિશ્ચયે અભૂતાર્થ છે એમ જાણજે. આવશે આધાર-આધેય, કર્તાકર્મ પણ આવશે. મુંઝાવાની જરૂર નથી.

આહાહા! જે નયોનો જ્ઞાતા થઇ ગયો અને નિશ્ચયનય, નયનો અધિપતિ, આવી ગયો હાથમાં એ વ્યવહારનયના કથનથી મુંઝાતો નથી. જાણી લ્યે છે કે આ વ્યવહાર નયનું કથન છે.

**આ સ્વદ્રવ્યનો આધાર**, આ ગુણોનો આધાર, ઘણાં લાંબા વખતે ગુરુદેવે ખુલાસો કર્યો. આ સ્વદ્રવ્યનો આધાર, સ્વદ્રવ્યનો આધાર કેમ? પછી પોતે કહ્યું હે ભગવાન લાજ રાખજે આજ. ઘણું માણસ ભેગું થઈ ગયું છે. તારે જે અંદરમાં હોય કહેવાનું, એ આજ કહી દેજે, લાજ રાખજે અમારી પ્રભુ! આનો અમને ઉકેલ આપજે, સ્વદ્રવ્ય એટલે શું તમે કહેવા માંગો છો? એ જ્યાં વાંચન શરૂ થયું અને લીટી આવી 'કે સ્વદ્રવ્ય એટલે ગુણો, એને, ગુણીને, આધારે રહેલા છે'. એમાં તાળીઓના ગડગડાટ થઈ ગયા. આહાહા!

લાજ રાખજે ભક્તની પ્રભુ! આને (પોતાના આત્માને) કહ્યું હોં! આ ભગવાનને કહ્યું કે જેવું હોય એવું તું આજે (કહી દેજે). આહાહા! અંદરનો ભગવાન જાગ્યો અને કહ્યું કે આ સ્વદ્રવ્ય એટલે ગુણ અર્થ કરજે. આહાહા! બધા શિષ્યોને ભક્તોને પણ આનો (અર્થ) સમજવાની જિજ્ઞાસા રહેતી

હતી.

**આ સ્વદ્રવ્યનો આધાર** એટલે આ ગુણોનો આધાર **સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે**. કારણસમયસારને આધારે કાર્યસમયસાર નથી. કારણસમયસારને આધારે ગુણરૂપ કારણો તો છે પણ પર્યાયરૂપ કાર્ય એમાં નથી. આહાહા! શું આ તો કોઈ ગાથા છે!

મુમુક્ષુ:- ગુણરૂપ કારણો.

ઉત્તર:- ગુણરૂપ કારણ છે પણ પર્યાયરૂપ કાર્ય તેમાં નથી. આહાહા! ગુણભેદો છે પણ એમાં પર્યાયના ભેદો નથી. આહાહા! ગુણ છે તે વ્યવહાર છે અને ગુણી છે તે નિશ્ચય છે. અને પર્યાય છે તે પરદ્રવ્ય છે. શું કહ્યું? પર્યાયો પરદ્રવ્ય છે, ગુણ છે તે વ્યવહાર - સ્વદ્રવ્ય છે અને ગુણી છે તે નિશ્ચય - સ્વદ્રવ્ય છે. આહાહા! ગુણ અને ગુણી એટલો વ્યવહાર લે.

શ્રદ્ધાના વિષય માટેની વાત ચાલે છે હોં! દ્રષ્ટિના વિષયમાં, દ્રષ્ટિના વિષયથી જીવનું લક્ષણ શું? કે ઉપયોગ? કે નહીં. દ્રષ્ટિના વિષયમાં લક્ષણ શુદ્ધ ઉપયોગ? કે નહીં. દ્રષ્ટિના વિષયમાં જ્ઞાન ગુણ તે લક્ષણ? તો કહે હા. પરમપારિણામિક લક્ષણ? તો કે હા. પણ ઉપયોગ અને શુદ્ધોપયોગ એ દ્રષ્ટિના વિષયનું લક્ષણ નથી (પણ) પ્રમાણ જ્ઞાનના, પદાર્થનું લક્ષણ છે. આહાહા! બહુ ઊંડાણની વાત છે.

આ ઉપાદેય તત્ત્વ એનું લક્ષણ શું? કે ઉપયોગ તો ક્રમિક છે, અનિત્ય નાશવાન છે, એ એનું લક્ષણ (નથી). અને શુદ્ધોપયોગ પણ સમયવર્તી છે, સમયવર્તી ત્રિકાળીનું લક્ષણ ન હોય. તો ત્રિકાળીનું લક્ષણ ત્રિકાળી. એ ત્રિકાળીનું લક્ષણ ત્રિકાળી કોણ? કે સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ, એ ગુણ. ગુણ એ લક્ષણ અને આત્મા લક્ષ્ય.

એવો લક્ષ્ય-લક્ષણનો ભેદ છે. પરમપારિણામિક ભાવ એ લક્ષણ અને આત્મા લક્ષ્ય. એવો ભાવ ને ભાવવાન, ગુણ અને ગુણી એવો ભેદનો વ્યવહાર આવો તો આવો. અભેદમાં તો એ ભેદ પણ પછી દેખાતો નથી. આહાહા! ૭મી ગાથામાં કહ્યું આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે પણ જ્યારે વિચાર કરવામાં આવે તો જ્ઞાન નહીં, દર્શન નહીં, ચારિત્ર પણ નહીં. આહાહા! બોલો તો એ ગાથા શું છે?

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

(સમયસર ગાથા ૭)

આ એ. આહાહા! ગુણીનું લક્ષણ ગુણ છે એ પણ વ્યવહાર છે, ભાઈ! અહીંયા અટકવાનું નથી. આહાહા! જ્ઞાન તે આત્મા, વ્યવહાર થયો. દર્શન તે આત્મા, વ્યવહાર થઈ ગયો. કેમકે એક ગુણ જેટલો દ્રવ્ય નથી. અનંતગુણોનો પિંડ તેને આત્મદ્રવ્ય કહેવાય. આહાહા! ગાથા ઘણી ઊંચી છે. હે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા! તારા કહેલાં તત્ત્વમાં જેમ જેમ હું ઊંડાણથી निगाह (નજર) કરું છું અંદરમાં, તેમ તેમ મારા સ્વરૂપનો મને ચમત્કાર ભાસે છે. આવો મારો આત્મા છે એમ મને ભાસવા લાગે છે, એમ. આવો હું છું આહાહા! એમ મને ભાસે છે.

**આ સ્વદ્રવ્યનો આધાર**! પર્યાયનો આધાર નહીં. આહાહા! દ્રવ્યને પર્યાયનો આધાર નથી.

ગુણને દ્રવ્યનો આધાર છે પણ દ્રવ્યને ગુણનો આધાર નથી. ગુણને તો દ્રવ્યનો આધાર છે પણ દ્રવ્યને ગુણનો આધાર નથી. ભેદને અભેદનો આધાર છે પણ અભેદને ભેદનો આધાર નથી. તો પરદ્રવ્યનો આધાર તો ક્યાંથી હોય?

પ્રભુ! સાંભળો વાત આહાહા! આ તારા ઘરની વાત! અંદરમાં માલ ભર્યો છે. માવજીભાઇ બિચારા વયા ગયા. કેમકે હેયની વાત આવી પણ ઉપાદેયની વાત ચાલે છે આ. આ ઉપાદેયની વાત ચાલે છે. ઇમ્પોર્ટન્ટ(important) છે. હેયની વાત તો નાસ્તિથી હતી, કે અસ્તિમાં આત્મા કેવો છે? આહાહા! કે આત્મા આવો છે કે જેમાં સહજ જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણો છે. એ ગુણોને કેનો આધાર છે? કે ગુણીનો. એ ગુણ અને ગુણીનો આધાર-આધેય સબંધ કહ્યો એ પણ અંદરમાં પરદ્રવ્ય થઈ જાય છે. માટે ગુણ અને ગુણી અભેદ છે,એમ લે. સમજાવવા માટે ભેદ કરવામાં આવે છે, ખરેખર છે નહીં. **સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ**, આહાહા! એક ગુણ છે જ્ઞાનગુણ એ ક્ષયોપશમ પર્યાયને આધારે ન હોય. કેમકે એનું લક્ષણ નથી. પણ પારિણામિક ભાવને આધારે ગુણો રહેલા છે. આહાહા!

**આધાર સહજપારિણામિકભાવલક્ષણ (-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે**. પરમાત્મા. કારણપરમાત્મા ન લખતાં કારણસમયસાર લખ્યું. કારણસમયસાર કહો કે કારણપરમાત્મા કહો, એકાર્થ વાચક છે. આહાહા! કાર્યસમયસારને, કાર્યસમયસારને કારણસમયસાર આધાર નથી. કેવળજ્ઞાનનો આધાર કારણસમયસાર નથી. પણ સહજ જ્ઞાનગુણ છે એ આત્માને આધારે છે. આ આત્મા પર્યાયને આધારે નથી ને આત્મા ગુણને આધારે નથી. અને પર્યાયને દ્રવ્યનો આધાર નથી પણ ગુણને દ્રવ્યનો આધાર તો છે. આહાહા! એટલો આધાર-આધેયનો વ્યવહાર સવિકલ્પમાં આવ તો રાખજે બાકી આઘો જાઈશ મા.

આહાહા! પર્યાયને હું કરું છું ને હું જાણું છું રહેવા દેજે કેમકે પર્યાય પરદ્રવ્ય છે. હું તો **ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.** (નિયમસાર ગાથા ૭૭-૮૧). ગુણભેદ સુધી આવજે પર્યાયના ભેદમાં લંબાઇશ નહીં. આહાહા! ત્યાં તો નિર્વિકલ્પ ધ્યાનમાં આવી જાય છે. ગુણભેદ આવે છે અને ગુણભેદ છૂટી જાય છે.

પર્યાયનો ભેદ તો દેખાતો જ નથી. કેમકે પરદ્રવ્ય છે, એ આત્મામાં નથી. આત્મામાં ગુણો છે પણ આત્મામાં પર્યાય નથી. બહુ ઊંચા પ્રકારની વાત છે. આહાહા! આ ચણાના લોટનો, સાચા ઘીનો મેસુબ નથી. આ તો બદામના મેસૂબની વાત ચાલે છે. આહાહા! બદામના મેસૂબતો જમણવાર ક્યાંક કોઈક વખતે હોય. આહાહા! પ્રફુલાબેન નથી આવ્યા? એના ગામમાં ઓલા લાડુ થાય છે, કરણશાહી લાડુ. કરણશાહી લાડુ એટલે દોઢસો રૂપિયાના કિલો. એમાં લાડુ ખોલો તો બદામ દેખાય, પિસ્તા દેખાય, એલચી દેખાય પણ લોટ ન દેખાય. આટલો તો ભરપૂર મસાલો. એને કરણશાહી લાડુ કહેવાય. આહાહા! એ શ્રીમંતને ત્યાં લગ્ન હોય તો એ કરણશાહી લાડુ બનાવે છે. પણ અત્યારે શ્રીમંતના લગ્ન હોય તો (પણ) બદામનો મેસુબ કોઈ બનાવતું નથી. આહાહા! આ તો બદામના મેસૂબની વાત ચાલે છે. પ્રભુ! સાંભળ, પર્યાયનું લક્ષ છોડી દે. પર્યાય મારામાં છે એ પક્ષ છોડી દે. આહાહા! અરે! તારામાં ગુણભેદ નથી પ્રભુ! હું તો ગુણી અભેદ સામાન્ય છું, (એમ) લે ને.

આહાહા!

**આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે**. આ ઉપાદેય તત્ત્વની વ્યાખ્યા ચાલી. ઉપાદેય કહ્યું ને? આત્મા, આત્માને ઉપાદેય છે. તો ઉપાદેય છે (તે) વિભાવગુણ પર્યાયથી રહિત. એવો શુદ્ધાત્મા ઉપાદેય કહ્યો તો ઉપાદેયમાં છે શું? કે સહજ જ્ઞાન દર્શન આદિ ગુણો છે, પર્યાય નથી એમાં. અને ગુણ અને ગુણીનો ભેદ કર તો વ્યવહાર છે. એમાં સાધ્યની સિદ્ધિ નથી. સીધો ગુણી ઉપર લઈ જા. ગુણનો ભેદ કરી, એને ઓળંગીને (ગુણી ઉપર લઈ જા) આહાહા! છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલનારા મુનિરાજ પર્યાયનું સ્મરણ કરતાં નથી, દ્રવ્યનું સ્મરણ કરે છે. અને દ્રવ્યનું સ્મરણ કરતાં ગુણભેદ ઊઠે છે પાછા અભેદમાં વયા જાય છે. આહાહા! લંબાઈને પર્યાય સુધી ઉપયોગ જતો નથી. (એવી) કોઈ અદભૂત વાત છે.

હવે આચાર્ય ભગવાન એમ કહે છે કે જેમ ૩૮મી ગાથામાં મેં પરદ્રવ્ય કહ્યું, પરિણામ માત્રને. ૫૦ ગાથામાં કુંદકુંદ ભગવાને પોતે પરિણામ માત્રને પરદ્રવ્ય કહ્યું. એટલે હું અને કુંદકુંદ આચાર્ય ભગવાન, બે આચાર્ય તો, એક આચાર્ય અને એક મુનિરાજ, બે તો પરદ્રવ્ય કહે છે પણ અમૃતચંદ્રાચાર્ય (પરદ્રવ્ય) કહે છે? કે હા, એણે પણ પરિણામ માત્રને પરદ્રવ્ય કહ્યું છે. એનો સમયસારનો ૧૮૫ ગાથાનો આધાર આપે છે.

સમયસારમાં પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે, કે નિયમસારમાં કહ્યું છે પણ બીજે છે? કે હા છે. કે કુંદકુંદ ભગવાને કહ્યું છે કે ટીકાકારે કહ્યું છે? બે ટીકાકારે કહ્યું છે. એક કુંદકુંદાચાર્ય ભગવાને (જ) કહ્યું છે એમ નહીં, પણ એના બે ટીકાકાર આચાર્ય સમર્થ થયા એમણે પણ કહ્યું અને આ ટીકાકાર પોતે ભાવિ તીર્થંકર છે. ત્રણ આચાર્ય ભગવાને કહ્યું - પરદ્રવ્ય. અને આનો વિસ્તાર કરનાર એક ભાવિ તીર્થંકર સૂર્યકીર્તિ થવાના છે. આહાહા! ધાતકીખંડના મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થવાના છે, છે ને છે. કોઈ માનો કે કોઈ ન માનો. એ બેનશ્રીનું જાતિસ્મરણ જ્ઞાન સો ટકા સાચું છે. આહાહા! એક પૈસા ભાર પણ એમાં ભૂલ નથી. શંકા કરવા જેવી નથી. એતો શ્રદ્ધાનો વિષય છે. કોઈ માનો કે કોઈ ન માનો. પણ સૂર્યકીર્તિ થવાના છે ધાતકીખંડના મહાવિદેહ ક્ષેત્ર(માં). જંબુદ્વિપનું મહાવિદેહ, ધાતકીખંડના મહાવિદેહ અને પુષ્કરદ્વિપમાં મહાવિદેહ. અત્યારે ચાર તીર્થંકર જંબુદ્વિપના મહાવિદેહમાં, આઠ અત્યારે બિરાજમાન છે ધાતકીખાંડમાં અને આઠ અર્ધ પુષ્કરદ્વિપમાં - અત્યારે વીસ તીર્થંકર બિરાજમાન છે. સીમંધર ભગવાન આદિ નામ-ઠામ બધા શાસ્ત્રોમાં છે અત્યારે, પૂજામાં પણ છે. આહાહા!

મુમુક્ષુ:- સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ.

ઉત્તર:- એ ચાર ને બીજા (સોળ) આહાહા! એમાં છઠ્ઠા સ્વયંપ્રભ છે. બોલો! એ નામ યાદ રહી ગયું. આહાહા! આવા તીર્થંકરો વીસ બિરાજમાન છે. છઠ્ઠી ગાથાના લેખ. આહાહા!

૧૮૫ના શ્લોકમાં આચાર્ય ભગવાન કહે છે કે પરદ્રવ્ય છે, ધ્યાન રાખજે. પરદ્રવ્ય ઉપાદેય ન હોય ભાઈ! પરદ્રવ્યને પરદ્રવ્ય તરીકે જાણ. બસ! સ્વદ્રવ્યને સ્વદ્રવ્ય તરીકે જાણ. કાંઇ દોષ નથી. ૧૮૫મો શ્લોક તો મોઢે છે બેનને, બોલો. **સિદ્ધાંન્તો** આહાહા! (વિડિઓ રેકોર્ડિંગ - video recording) ઉતરે છે બરાબર? ઉતરે છે?

મુમુક્ષુ: હા જી બહુ સુંદર.

ઉત્તર: તો સારું. આ છે ને એ મુદ્દાની વાત છે એટલે માટે. ફરી ફરીને તો મોકો આવે ત્યારે આવે, પછી ફરી ફરીને ન આવે.

**सिद्धांन्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभि: सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योति: सदैवास्म्यहम् ।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावा: पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥ १८५ ॥**

(સમયસાર કળશ ૧૮૫)

આહાહા! અમને પ્રગટ થતા બધા ભાવો પરદ્રવ્ય દેખાય છે, એમાં અમારો આત્મા ક્યાંય અમને જોવા મળતો નથી. તપાસ બહુ કરી અમે. નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થાય છે અમને, એમાં અમે ઊંડાણથી તપાસ કર્યું, પણ અમારો આત્મા ક્યાંય એમાં છે નહીં. આહાહા! પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં તમારો આત્મા નથી? બાપુ! અમારો આત્મા અનિત્ય નાશવાન આહાહા!, કર્મ સાપેક્ષ અને પુદ્દ્ગલદ્રવ્ય એમાં સ્વદ્રવ્ય દેખાતું નથી. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્વિકારી પરિણામ એવા જે ભેદો એ પરદ્રવ્ય છે, એમાં સ્વદ્રવ્યની નાસ્તિ છે. પરદ્રવ્યમાં સ્વદ્રવ્ય ક્યાંથી હોય? આહાહા!

એનો અર્થ - **જેમના ચિત્તનું ચરિત્ર** આહાહા! એટલે આચરણ. સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્રના પરિણામ ચરિત્ર કહેવાય. **જેમના ચિત્તનું** એટલે જ્ઞાનનું **ચરિત્ર**, **ઉદાત્ત** એટલે **(ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ)** - શુદ્ધ નિર્મળ **છે એવા મોક્ષાર્થીઓ** આહાહા! એવા સાધક ધર્માત્માઓ! મુનિરાજ ધર્માત્માઓને, ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન સાધક આત્માઓને કહે છે કે **આ સિદ્ધાંતનું સેવન કરો કે,** સિદ્ધાંત. **આ સિદ્ધાંતને સેવન કરો કે - `હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;'** આહાહા! આ સિદ્ધાંતનું સેવન કરો કે હું તો શુદ્ધ ચૈતન્યમયી અને એક અને પરમ જયોતિ જ સદાય છું. આહાહા! **અને આ જે ભિન્ન લક્ષણવાળા**, મારાથી ભિન્ન લક્ષણવાળા, ચૈતન્યના લક્ષણથી જુદા, શુદ્ધ ચૈતન્યમય પરમપારિણામિક લક્ષણથી જુદા **લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો**, વ્યવહાર રત્નત્રયના ભાવો અને નિશ્ચય રત્નત્રયના ભાવો, બંને, એ વિવિધ પ્રકારના ભાવો છે. એ **ભાવો પ્રગટ થાય છે,** એ ઉત્પાદ-વ્યય થાય છે, ઉત્પાદ થાય છે, એ ધ્રુવ નથી. પ્રગટ છે તે હું છું, ધ્રુવ તે હું છું, ઉત્પાદ તે હું નથી. પ્રગટ થાય છે તે હું નહીં. કેમકે પ્રગટ થાય તે નાશ થઈ જાય અને પ્રગટ હોય તે નાશ થાય નહીં.

**પ્રગટ થાય છે તે હું નથી**, ઉત્પાદ પર્યાયનો પ્રગટ થાય છે તે હું નથી પ્રભુ! એ હું કેમ નથી? એ પરિણામો પ્રગટ થાય છે એમાં મારાપણું કેમ નથી? કારણ કે તે બધાય મને પરદ્રવ્યો છે. આહાહા! જે નાશવાન પરિણામો છે, કર્મ સાપેક્ષ છે,આહાહા! અનિત્ય છે, મારા લક્ષણની સાથે અણમળતા છે. આહાહા! સમ્યગ્દર્શન મારા લક્ષણની સાથે મળતું નથી. કેમકે સમ્યગ્દર્શનનું લક્ષણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક છે. મારું લક્ષણ પરમપારિણામિક ભાવ છે. લક્ષણ ભેદે ભેદ છે એટલે પદાર્થ ભેદે ભેદ છે. એટલે સ્વદ્રવ્ય નથી, પરદ્રવ્ય છે. આહાહા!

**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે**. આહાહા! મને તો પરદ્રવ્યરૂપે જણાય છે પણ સ્વદ્રવ્યરૂપે જણાતું નથી. પણ પ્રભુ! નિશ્ચય મોક્ષમાર્ગ? એની સાથે તો સ્વસ્વામી સબંધ? કે નથી. પરદ્રવ્યની સાથે સ્વસ્વામી સબંધ ન હોય. આહાહા! જો હોય, એક સમય પૂરતો જો થાય, તો મોક્ષમાર્ગનો અભાવ થઈ જાય. સ્વસ્વામી સબંધ નથી એટલે મોક્ષમાર્ગ ટકે છે. અને સ્વસ્વામી સબંધ નથી એટલે મોક્ષ થઈ જાય છે. આહાહા! **તે બધાય મને પરદ્રવ્ય છે**. જુઓ એ એક કળશ થયો. હવે એક કળશ લેવો છે આ. એટલા માટે પૂરું કરતા નથી. આ એક કળશ લઈ લેવો છે કેમ કે આ કળશ બહુ ઊંચો આવે છે.

૫૦ ગાથા ઉપર એક અમ્રુતચંદ્રાચાર્યનો કળશ પોતે મૂક્યો આધાર તરીકે. હવે ૫૦ ગાથા ઉપર પોતે એક કળશ બનાવે છે. પોતાનો સ્વતંત્ર કળશ. ઓલો અમૃતચંદ્ર આચાર્યનો, સમયસારનો. આ નિયમસાર ટીકાકાર પોતે કળશ બનાવે છે. એ કળશ બહુ ઊંચો છે, એકદમ. બોલો બેન!

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावा: ।**
**इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ॥ ७४ ॥**

(નીયમસાર કળશ ૭૪ )

**શ્લોકાર્થ:-** આહાહા! હવે આ કુદરતી કાલે જવું છે એટલે નિશ્ચયનયનો વિષય પૂરો થાય છે અને વ્યવહારનયનો વિષય લેવો હતો પણ ટાઈમ નથી એટલે લઈ શકાતો નથી. કોઈને એમ લાગે કે આ એકલા નિશ્ચયની વાત કરી અને વ્યવહારની વાત પડતી મૂકી દીધી તો એમ નથી પ્રભુ! અમે આવતીકાલે તો જવાના છીએ. જો અહીં રોકાત તો આ વ્યવહારની વાત પણ અમે લઈ લેવાના હતા, છોડવાના નહોતા. પણ પ્રભુ! શું કરીએ અમારા ભાગમાં, અમારા ભાગમાં ને ભાગ્યમાં નિશ્ચયની વાત સ્થાપવાની આવી છે શું કરીએ પ્રભુ!

મુમુક્ષુ:- આપનો અવતાર જ એટલા માટે થયો છે.

મુમુક્ષુ:- એક એક વાતમાં ખૂબ મર્મ છે.

ઉત્તર:- મર્મ છે. એમ જ નથી. અમે રોકાત તો આ લેવાના જ હતા, કંટીન્યુમાં (continue). પ્રશ્ન ક્યાં હતો? આહાહા! કુદરતી બનાવ બન્યો. એમાં અમે શું કરીએ?

**શ્લોકાર્થ:- `શુધ્ધ જીવાસ્તિકાયથી**, આહાહા! અસ્તિકાય, બહુ પ્રદેશી, આત્મા એક પ્રદેશી નથી. અનંત પ્રદેશી નથી. અસંખ્યાત પ્રદેશી છે. એક પ્રદેશથી વધારે પ્રદેશવાળા પદાર્થો હોય એને અસ્તિકાય કહેવામાં આવે છે. જીવને અસ્તિકાય કહેવાય. ધર્માસ્તિકાયને અસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ, એ ચાર પદાર્થો અસ્તિકાયરૂપ છે. અને પુદ્દગલ છે એ ઉપચારથી અસ્તિકાય - બહુપ્રદેશી છે. એક પરમાણુ લ્યો તો એક પ્રદેશી અને કાળદ્રવ્ય પણ એક પ્રદેશી છે. બહુ પ્રદેશી ચાર છે. એ ચારમાં જીવ બહુ પ્રદેશી છે માટે એને જીવાસ્તિકાય, જીવ અને અસ્તિકાય - બહુપ્રદેશી માટે તેને અસ્તિકાય વિશેષણ મૂકવામાં આવે છે. અને અનાદિ અનંત શુધ્ધ છે માટે શુધ્ધ

વિશેષણ કહ્યું.

**શુધ્ધ જીવાસ્તિકાયથી** એટલે શુધ્ધ આત્માથી એટલે મારા આત્માથી, **અન્ય એવા જે બધા પુદ્દગલદ્રવ્યના ભાવો** જે પ્રગટ થાય છે, વ્યવહાર રત્નત્રયના પરિણામ હો કે નિશ્ચય રત્નત્રયના પરિણામ હો, **તે ખરેખર અમારા નથી**. આહાહા! જે નાશ થાય તેની સાથે ખરેખર સ્વસ્વામી સબંધ નથી. જ્ઞાયક મારું સ્વ અને હું એનો સ્વામી. આવો સ્વસ્વામી સબંધનો વ્યવહાર હો તો હો. નિશ્ચયમાં તો એ વ્યવહાર પણ નથી. આહાહા! તો આ **પુદ્દગલદ્રવ્યના** જે ભાવો પ્રગટ થાય છે અન્ય **ભાવો તે ખરેખર અમારા નથી**. અમારું સ્વામીપણું એમાં નથી. આહાહા! અમે એના કર્તા નથી અને ભોક્તા પણ નથી.

**આમ જે તત્ત્વવેદી** એટલે અનુભવી. **આમ જે તત્ત્વવેદી** એટલે આત્માના સ્વરૂપનો અનુભવનાર, તત્ત્વવેદી, જ્ઞાની ધર્માત્મા. **સ્પષ્ટપણે કહે છે**, ચોખ્ખી રીતે કહે છે **તે અતિ અપૂર્વ સિધ્ધિને પામે છે**. તત્ત્વવેદી અનુભવી કહે છે, જે એમ જાણશે કે શુધ્ધ જીવાસ્તિકાયથી જે અનેરા ભાવો છે એ બધા પુદ્દગલ દ્રવ્યના ભાવો છે તેથી ખરેખર તે મારા ભાવો નથી. એમ જે જાણશે અને માનશે તે અપૂર્વ સિધ્ધિને - મોક્ષદશાને પામશે. એમ આશીર્વાદ આપીને આ નિશ્ચયનો અધિકાર પૂરો કર્યો. આશીર્વાદ આપ્યા. છેલ્લા. આહાહા!

ૐ